મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 **સોમવાર ૨૩ નવેમ્બર, ૨૦૨૬**

દેવગઢ બારિયામાં MGVCLના નાયબ ઇજનેર સહિતના કર્મચારીઓને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

MGVCLના કર્મચારીઓ પર પઠાણ પરિવારનો હુમલો

(પ્રતિનિધિ) દેવગઢ બારીયા તા.22

દેવગઢ બારિયાના કસ્બા ડુંગરી ફળિયામાં આંગણવાડી કેન્દ્રના નવા વીજ જોડાણ માટે થાંભલો ઊભો કરવાની કામગીરી દરમિયાન MGVCLના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે થયેલી માથાકૂટનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. નજીકના એક મકાનમાં વીજ મીટર વિના પીળા વાયર મારફતે વીજ જોડાણ કરવામાં આવ્યું હોવાની શંકાના આધારે કર્મચારીઓ વીડિયો ઉતારી રહ્યા હતા, ત્યારે એક શખ્સે ઉશ્કેરાઈને ગાળાગાળી કરી ઝપાઝપી કરતાં સમગ્ર મામલો ગરમાયો હતો.

વધુમાં મળતી માહિતી મુજબ, દેવગઢ બારિયા MGVCL કચેરીમાં ફરજ બજાવતા નાયબ ઈજનેર સાવનકુમાર પટેલને આંગણવાડી કેન્દ્રના નવા વીજ જોડાણ માટે અરજી મળી હતી. જેના આધારે તેમણે સ્ટાફને સ્થળ પર કામગીરી માટે મોકલ્યો હતો. જોકે, સ્થળ પર સ્થાનિક રહીશો દ્વારા વાંધો ઉઠાવવામાં આવતો હોવાની જાણ થતાં નાયબ ઈજનેર પોતે પણ સ્થળ પર પહોંચ્યા હતા.

દરમિયાન તપાસ કરતાં નજીકના એક મકાનમાં વીજ મીટર વિના પીળા વાયર મારફતે વીજ જોડાણ કરવામાં આવ્યું હોવાની શંકા જણાતાં નાયબ ઈજનેરે મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું.

આ સમયે સોહીલખાન જાહીદખાન પઠાણ નામનો શખ્સ એક્ટિવા લઈને ત્યાં આવ્યો હતો અને MGVCLના કર્મચારીઓ સાથે ઉશ્કેરાઈને ગાળાગાળી કરવા લાગ્યો હતો. આરોપ છે કે, શખ્સે ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ સાથે ઝપાઝપી કરી મોબાઈલ ફોન ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, નાયબ ઈજનેર સહિત તમામ કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અચાનક બનેલી આ ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ કર્મચારીઓએ 112 પોલીસ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

આ સમગ્ર મામલે નાયબ ઈજનેર સાવનકુમાર પટેલે સોહીલખાન જાહીદખાન પઠાણ વિરુદ્ધ સરકારી ફરજમાં રુકાવટ, ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતના આક્ષેપો સાથે દેવગઢ બારિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બોડેલી પોલીસની સરાહનીય કામગીરી

બે મહિના અગાઉ ચોરી થયેલી બાઈક સાથે મોરખલા નજીકથી શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.22

મોરખલા આઉટ પોસ્ટ વિસ્તારમાં ભગવાનપુરા નજીક નર્મદા મેઈન કેનાલ પાસે પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે સમયે બોડેલી તરફથી એક ઈસમ રજિસ્ટ્રેશન નંબર વગરની મોટરસાઈકલ લઈને આવતો જોવા મળ્યો હતો. પોલીસે તેને રોકી મોટરસાઈકલની તપાસ કરતાં ચેસિસ નંબરના આધારે વાહનનો રજિસ્ટ્રેશન નંબર GJ-35-F-2446 હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ મોટરસાઈકલના માલિકી હક અંગે તપાસ કરતાં આ મોટરસાઈકલ ચોરી થયેલી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે વધુ તપાસ કરતાં મોટરસાઈકલ લુણાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આશરે બે માસ અગાઉ ચોરી થયેલી હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે



મોટરસાઈકલ સાથે એક આરોપીને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ માટે લુણાવાડા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી છે. પકડાયેલા આરોપીની ઓળખ રોહનભાઈ કોદરીયાભાઈ જાતે મીનાવા, ઉંમર વર્ષ ૨૨, રહે. આઈ, મીનાવા ફળિયા, તાલુકો કુક્ષી, જિલ્લો ધાર (મધ્યપ્રદેશ) તરીકે થઈ છે.

મેવલી ગામ નજીક પાણીની લાઈનમાં લીકેજથી વેડફાટ

(પ્રતિનિધિ) સાવલી તા.22

સાવલી તાલુકામાં પાણી પુરવઠા યોજના અંતર્ગત સમગ્ર તાલુકાના ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે સાથે સાથે નલ સે જલ યોજના ની પાઇપ લાઈન મેવલી થી ધનતેજ જતી પાઇપલાઈનમાં લીકેજ થી ભંગાણ પડતા હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે અને પાણી પુરવઠા વિભાગની બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે એક બાજુ સરકાર દ્વારા પ્રજાની સુખાકારી માટે કરોડો રૂપિયા વાપરીને પ્રજાને પાણી જેવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટે કટિબદ્ધ છે પરંતુ કેટલાક અધિકારીઓની મીલીભગત અને લાલિયા વાડીના કારણે જનતા સુધી લાભ પહોચતો નથી અને પરિણામે પ્રજા સરકારને માથે દોષનો ટોપલો ઢોળે છે પરંતુ તંત્રની લાપરવાહીના કારણે કરોડો રૂપિયા પાણીમાં જાય છે મેવલી થી ધનતેજ જતી લાઈન લીકેજ થતાં પાણી પડતર જગ્યામાં વહી રહ્યું છે એક તરફ તાલુકાના કેટલાય ગામોમાં પાણી માટે વલખાં મારી રહ્યા છે, અને કેટલાક ગામોમાં બે દિવસે પીવાનું પાણી તો કેટલાક ગામોમાં અઠવાડિયે પીવાનું પાણી પહોંચે છે.

સાધલીથી અમદાવાદ જવા માટે નવી બસ ફાળવાઇ

(પ્રતિનિધિ) શિનોર તા.22

સાધલી ગામના મુસાફરો માટે ખુશીનો સમય હતો. સાધલીના મુસાફરો માટે GSRTC દ્વારા નવી 56 સીટની બસ ફાળવવામાં આવી છે. આ બસ દરરોજ બપોરે 12:10 કલાકે સાધલીથી અમદાવાદ જવા રવાના થશે. નવી બસનું પ્રસ્થાન કરજણના ધારાસભ્યના હસ્તે શ્રીફળ વધેરી અને રીબીન કાપી લીલી ઝંડી આપી હતી. GSRTC દ્વારા નવી બસ ફાળવવામાં આવતા સાધલી ગામ સહિત આસપાસનાં ગામડાંના મુસાફરોને અમદાવાદ જવા માટે વધુ સારી પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.

સમસ્ત દેલોલ વૈષ્ણવ સમાજ દ્વારા આયોજન કરાયું હતું

દેલોલમાં વેજલપુર એકડા વિશા ખડાયતા સમાજ દ્વારા 'તુલસી વિવાહ'ની ઉજવણી

(પ્રતિનિધિ) કાલોલ તા.22

કાલોલના દેલોલ ગામ ખાતે વેજલપુર એકડા વિશા ખડાયતા વૈષ્ણવ સમાજના ઉપક્રમે પરમ પવિત્ર તુલસી વિવાહ મહોત્સવની અત્યંત ધામધૂમપૂર્વક અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ભગવાન શાલિગ્રામ અને માતા તુલસીજીનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. સુંદર શણગારેલી બગીમાં તુલસીજીને બિરાજમાન કરીને સમગ્ર ગામમાં શોભાયાત્રા ફેરવવામાં આવી હતી. વરઘોડામાં ડીજેના તાલે વૈષ્ણવ ભાઈઓ-બહેનો મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. આતશબાજી, ફટાકડાની રમઝટ અને ભક્તિમય



ધૂનથી સમગ્ર દેલોલ ગામ ગોકુળિયું બની ગયું હતું અને વાતાવરણ સંપૂર્ણપણે ભક્તિમય બન્યું હતું. આ ભવ્ય પ્રસંગના મુખ્ય મનોરથી તરીકે કાલોલ નિવાસી અંકિતકુમાર પંકજભાઈ શાહ તથા તેમના સમગ્ર પરિવારે સેવાનો લાભ લીધો હતો.

ગોધરા નગરપાલિકામાં ભળેલા ગામોમાં પ્રાથમિક સુવિધા ઝીરો

સિંગવડ : ગોધરા નગરપાલિકા દ્વારા જે ગામોને નગરપાલિકામાં સમાવવામાં આવ્યા છે તેવા ગામોમાં સ્ટ્રીટ લાઈટ, નળ સે જળનું પાણી રોડ રસ્તા તથા સ્વચ્છતાનો મોટો અભાવ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા દ્વારા આ તમામ સેવાઓનો વેરો વસૂલવામાં આવતો હોય છે, જ્યારે તેની સામે સ્વચ્છતા, લાઈટ રોડ રસ્તા અને પાણીની વ્યવસ્થામાં અમુક સોસાયટીઓમાં આ વસ્તુઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના લીધે ત્યાંના રહીશોને ભારે તકલીફ ઉઠાવવાનો વારો આવ્યો છે. એક તરફ ગોધરા નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવા માટેના ધમ પછાડા ચાલી રહ્યા છે, તો બીજી તરફ આ તમામ સોસાયટીઓમાં મૂળભૂત સુવિધાઓનો જ અભાવ છે. જો આ તમામ સોસાયટીઓને સ્ટ્રીટ લાઈટ, પાણી રસ્તા અને સ્વચ્છતા જેવી તમામ સુવિધાઓથી પરિપૂર્ણ કરવામાં આવે તો જ આ નગરપાલિકા સાચા અર્થમાં મહાનગરપાલિકા બની શકે તેમ છે. તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

માથાના ભાગે ઇજાના નિશાન મળતાં મોતનું રહસ્ય ઘેરાયું : પોસ્ટમોર્ટમ બાદ હકીકત બહાર આવશે

હાલોલ-પાવાગઢ બાયપાસ પર વિશ્વામિત્રી કોતરમાંથી ૩૨ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) હાલોલ તા.22

પંચમહાલ જિલ્લાના હાલોલ- પાવાગઢ બાયપાસ રોડ પર આવેલા હેરિટેજ હોટલની પાછળ વિશ્વામિત્રી કોતરમાંથી એક 32 વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મૃતદેહ મળી આવ્યાની જાણ વાયુવેગે ફેલાતાં ઘટનાસ્થળે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં. યુવકના માથાના ભાગે ઈજાનાં નિશાન મળી આવતાં તેનું મોત કયા સંજોગોમાં



થયું તે અંગે અનેક તર્કવિતર્ક શરૂ થયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. વિશ્વામિત્રી કોતરમાંથી મૃતદેહ બહાર કાઢવો પડકારજનક બનતાં પોલીસે ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન મૃતકના માથાના ભાગે ઈજાનાં નિશાન જોવા મળ્યાં હતાં. જેથી આ મોત અકસ્માત છે કે અન્ય કોઈ કારણસર થયું છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ બારીઆ સુનિલકુમાર પોપટસિંહ (ઉમર 32 વર્ષ) તરીકે થઈ હતી. તેઓ મૂળ રણજિતનગર ગામના ભટ્ટુ ફળિયાના રહેવાસી હતા અને હાલોલની આમ્રપાલી-1 સોસાયટીમાં પોતાના મકાનમાં પરિવાર સાથે રહેતા હતા. સુનિલકુમાર પરિણીત હતા અને તેમને બે સંતાનો છે. જેમાં એક પાંચ વર્ષનો અને બીજો સાત વર્ષનો દીકરો છે. પરિવારના મોભી એવા યુવાનના અચાનક મોતના સમાચારથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પોલીસ દ્વારા મૃતદેહને હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું.

હાલોલમાં હજરત બાદશાહ બાબાના ૯૦મા ઉર્ષની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ) હાલોલ તા.22

હાલોલ શહેરના પાવાગઢ રોડ પર આવેલા કુતબે પંચમહાલ હઝરત બાદશાહ બાબા (ર.અ) ના 90 માં ઉર્ષ ની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી.છેલ્લા કેટલાક દિવસોથી આ ઉર્ષ ને લઈને બાદશાહ બાબા દરગાહ ટ્રસ્ટ કમિટી દ્વારા તેની તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. જ્યારે તારીખ 21 અને 22 નવેમ્બરના રોજ ઉર્ષ ની ઉજવણી કરાઇ હતી.જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ 21 નવેમ્બર શનિવારના રોજ હુસેની ચોક કસ્બા ખાતે મુસ્લિમ સમાજના લોકો એકત્રિત થયા હતા.

ડીજેના તાલ અને ઉત્સાહભર્યા માહોલ સાથે શોભાયાત્રા સમગ્ર નગરમાં ફરી

કાલોલના કુંભારવાડામાં તુલસી વિવાહ નિમિત્તે શોભાયાત્રા નીકળી

(પ્રતિનિધિ) કાલોલ તા.22

કુંભારવાડા યુવક મંડળ દ્વારા આયોજિત તુલસી વિવાહના શુભ અવસરે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંવત ૨૦૮૩ કારતક સુદ ૧૧ ને શનિવારના રોજ યોજાયેલા આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત શોભાયાત્રા કુંભારવાડા ખાતેના રોકડનાથ હનુમાનજી મંદિર તથા ખોડિયાર માતાજીના પટાંગણમાંથી નીકળી હતી.શોભાયાત્રા ડીજેના તાલ અને ઉત્સાહભર્યા માહોલ સાથે સમગ્ર નગરમાં ફરી હતી.

વિવિધ માર્ગો પર ફરીને આ શોભાયાત્રા પુનઃ કુંભારવાડા ખાતે પહોંચી હતી રોકડનાથ હનુમાનજી મંદિર તથા ખોડિયાર માતાજીનું પટાંગણ, કુંભારવાડા, કાલોલ થી




તારીખઃ ૨૧ના રોજ વરપક્ષે ડૉ. ધીરેનભાઈ પીતાંબરદાસ સુતરીયા અને મીનાક્ષીબેન ધીરેનભાઈ સુતરીયા અને કન્યાપક્ષ (માતા ભગવતિ તુલસી વૃંદા): કમલેશ (ગોપાલભાઈ) વાડીલાલ પંચાલ અને સોનલબેન કમલેશકુમાર પંચાલ મોસાળું બપોરના ૨:૦૦ કલાકે,શોભાયાત્રા સાંજના ૫:૦૦ કલાકે, વિવાહ સંસ્કાર રાત્રે ૧૦:૧૫ કલાકે. લગ્ન સંસ્કાર પૂર્ણ થયા બાદ પ્રસાદનું પણ આયોજન રખાયું છે.

જૂની નહેરોનું કોઈ સમારકામ તો ઠીક પણ સાફસફાઈ પણ થતી નથી

નાનીઝરી ગામે સિંચાઈ માટે ડેમનું પાણી ન મળતા ખેડૂતોમાં નારાજગી

(પ્રતિનિધિ) દેવગઢ બારીયા તા.22

દેવગઢબારીઆ તાલુકા ના નાનીઝરી ગામ ખાતે પણ ખેડૂતો એ શિયાળુ પાકો નું વાવેતર કર્યું છે.નાનીઝરી ગામ ખાતે ના તળાવ ઉપર ડેમ બનાવવા માં આવેલ છે. જે ડેમ ને જોડતી નહેર નાનીઝરી ગામ માંથી પસાર થાય છે અને તે નહેર મારફતે સિંચાઈ નું પાણી પૂરું પાડવામાં આવતું હોય છે.જ્યારે ચંદ્રોઈ નદી ઉપર પણ ચેકડેમ નજીક માં સરકાર ની યોજના દ્વવારા નદી માંથી પાણી પાઈપલાઈન મારફતે સિંચાઈ માં ઉપયોગી થાય છે. પરંતુ તળાવ ડેમ નહેર હાલમાં સુકાઈ ગઈ છે અને ખેડૂતો સિંચાઈ ના પાણી માટે રાહ જોઈ રહ્યા છે. અમુક ખેડૂતો એ નહેર કાંઠે ડીઝલ એન્જીન પણ ગોઠવી



રાખ્યા છે માટે નહેર માં પાણી આવતા પોતાના ખેતર માં સિંચાઈ નું પાણી પહોંચાડી ખેતીવાડી કરી શકાય. ઘણીવાર શિયાળા ની સીઝન માં નહેર સતત ચાલુ રહેતા પાણી ક્યાંક ક્યાંક બહાર ઓવરફ્લો થઈ ને જતું હોય છે અને ખેડૂતો ના ખેતર માં વધારે પાણી જતા નુકસાન પણ થતું હોય છે.

ગ્રામ પંચાયતોની મતદાર યાદીમાં ભારે છબરડા

સિંગવડ : સિંગવડ તાલુકા મા ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી સમયમાં આવવાની હોય ત્યારે સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી વોર્ડ વાઈઝ મતદાર યાદીમાં ઉલટા-સુલટા નામો આવતા તથા મૃત્યુ પામેલા લોકોના નામો કમી ન થતાં મતદાર યાદીમાં મોટા છબરડા થયા હોવાની બૂમો ઉઠવા પામી છે. વોર્ડ વાઈઝ યાદીમાં ઘણા મતદારોના નામો બીજા વોર્ડમાં નાખી દેવામાં આવ્યા છે. જ્યારે નવા નામો ઉમેરાયા તેમાં પણ જે પરિવાર જે વોર્ડમાં રહેતો હોય તે વોર્ડની જગ્યાએ નવા નામો ઉમેરાયા તેવા લોકોને બીજા વોર્ડમાં નાખવામાં આવતા આ મુદ્દો ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. જ્યારે મરણ પામેલા લોકોના નામો કમી કરવામાં આવ્યા નથી ખરેખર તે નામો કમી કરી દેવા જોઈએ પણ તેના પર કોઈ ધ્યાન રાખવામાં આવ્યું જ નથી જેના કારણે મૃત્યુ પામેલા લોકોના પણ મતદાન થતું હોય છે અને તે રોકી શકાતું નથી ખરેખર જે નવા નામો લખાય છે તે વોર્ડ વાઈસ તપાસ કરીને તે વોર્ડમાં નાખવામાં આવે તો તે વોર્ડમાં તે વોટીંગ કરી શકે તેમ છે માટે આના લાગતા વળગતા અધિકારીઓ દ્વારા આ ખામીઓને તાત્કાલિક સુધારવામાં આવે તેવી ગ્રામજનોમાંથી માંગ ઉઠી રહી છે.

વેજલપુર ગ્રામ પંચાયતની ઘોર બેદરકારી

મોટા મહાદેવ મંદિર તરફ જતા માર્ગ પર બનેલું નાળું ચોકઅપ

(પ્રતિનિધિ) કાલોલ તા.22

વેજલપુર ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મોટા મહાદેવ મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર રૂપારેલ નદી ઉપર બનેલું નાળું કચરા અને ગંદકીથી સંપૂર્ણપણે ચોકઅપ થઈ જતાં ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી વળ્યા છે. વેજલપુર ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં ઠેર-ઠેર ગંદકી યથાવત જોવા મળી રહી છે, તેમ છતાં પંચાયતના ચોપડે આખા ગામની સાફ-સફાઈ થઈ ગઈ હોવાનું બતાવવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવ્યા છે. આ દ્રશ્યો જોઈને ગ્રામજનોમાં એવી ચર્ચાએ



જોર પકડ્યું છે કે સાફ-સફાઈ માટે સરકાર તરફથી આવતી લાખો રૂપિયાની ગ્રાન્ટોની સફાઈના નામે આખરે કોણ 'સફાઈ' કરી ગયું? આખરે આ સફાઈની ગ્રાન્ટ વાપરી ક્યાં, તેવા અનેક સળગતા સવાલો વહીવટી તંત્ર સામે ઊભા થયા છે.

જાગૃત યુવાનોએ જાતે કલર કરી તંત્રને જવાબદારીનું ભાન કરાવડાવ્યું

ડેરોલ સ્ટેશનમાં નવા રોડ પર આડેધડ બનેલા બમ્પથી અકસ્માતનો ખતરો

(પ્રતિનિધિ) કાલોલ તા.22

ડેરોલ સ્ટેશન ખાતે તાજેતરમાં નવો બ્રિજ બનાવ્યો તે રોડ ઉપર બ્રિજ થી નાળા સુધી નવો રોડ બનાવવામાં આવ્યો છે. જોકે, આ નવા માર્ગ પર મૂકવામાં આવેલા ચાર થી પાંચ બમ્પ નજીક કોઈ પ્રકારના દિશાસૂચક બોર્ડ કે સફેદ-કાળા પટ્ટા (માર્કિંગ) કરવામાં આવ્યા ન હોવાથી બમ્પના કારણે મોટા પ્રમાણમાં દ્વિચક્રી વાહનચાલકો સંતુલન ગુમાવી વાહન સહિત પટકાઈ જવાના બનાવો બની રહ્યા છે.લોકોને સતત થતા અકસ્માતોથી બચાવવા અને તંત્રની બેદરકારી સામે અનેરો સંદેશ આપવા માટે ડેરોલ સ્ટેશન વિસ્તારના જાગૃત યુવાનો આગળ આવ્યા છે. આ યુવાનોએ લોકહિતમાં જાતે જ બમ્પ ઉપર કલર કામ કરી તેને દૃશ્યમાન બનાવવાનો પ્રયાસ કર્યો છે, જેથી વાહનચાલકો દૂરથી જ બમ્પ જોઈ શકે અને સંભવિત અકસ્માત ટળી શકે.



જાગૃત યુવાનોની આ કામગીરી બાદ હવે સૌ કોઈની નજર સંબંધિત વહીવટી તંત્ર પર મંડાઈ છે. તંત્ર દ્વારા અધૂરું છોડી દેવાયેલું કામ યુવાનોએ કર્યું છે, ત્યારે હવે તંત્ર ક્યારે જાગશે? બમ્પ પર નિયમાનુસાર સ્પષ્ટ પટ્ટા મારવામાં આવશે અને બમ્પ હોવાનું ચેતવણીરૂપ દિશાસૂચક બોર્ડ ક્યારે લગાવવામાં આવશે તે અંગે સ્થાનિકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સંખેડામાં દ્વિદિવસીય પટ્ટ ભોગ સહિત વિવિધ મનોરથ યોજાશે

(પ્રતિનિધિ) સંખેડા તા.22

છોટે કાંકરોલી અને વિશ્વભરમાં સોનેરી કામથી સુપ્રસિદ્ધ સંખેડામાં અનંત વિભૂષિત જગતગુરુ શ્રી શ્રીમદ્ વલ્લભાચાર્યજી શુદ્ધાદ્વૈત તૃતીય પીઠાધીશ્વર કાંકરોલી નરેશ પૂ.શ્રી ડો. વાગીશ કુમાર મહારાજ શ્રીની આજ્ઞા એવમ્ આશીર્વાદ તથા કાંકરોલી યુવરાજો પૂ. વેદાંત કુમાર મહોદય, પૂ. સિદ્ધાંત કુમાર મહોદયના માર્ગદર્શન હેઠળ દ્વિદિવસીય વિવિધ શ્રીજીના અલૌકિક મનોરથ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.



"તેરા તુજકો અર્પણ, તું એકલો જાને રે" એમ સંખેડા દશાલાડ સમાજના પ્રમુખ, મંદિરના મુખ્ય ટ્રસ્ટી પરમ ભગવદીય અલ્કેશભાઈ વિઠ્ઠલભાઈ શાહ તમાકુવાળા પરિવારના સૌજન્યથી આ મનોરથ યોજાશે. તા. ૫ ડિસેમ્બર ૨૦૨૬, શનિવારે શોભાયાત્રા સંખેડા ચાર રસ્તા પરથી નીકળીને પ્રભુશ્રી દ્વારકાધીશ મંદિર જશે.

સ્થાનિકો પોતાના પશુ અને પરિવારને લઇને ચિંતિત બન્યા

વાવડીના અરેઠી ફળિયામાં કોતરમાં મગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ

(પ્રતિનિધિ) શિવરાજપુર તા.22

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના વાવડી ગામના અરેઠી ફળિયામાં રહેણાંક વિસ્તાર નજીક આવેલા કોતરમાં મગર જોવા મળતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ગામના રહેણાંક વિસ્તારની નજીક જ કોતર આવેલું હોવાથી લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ જ કોતરમાં અગાઉ પણ મગર જોવા મળ્યો હતો અને વન વિભાગ દ્વારા તેને પકડી લેવામાં આવ્યો હતો. જોકે, ફરીથી આ કોતરમાં મગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. અવારનવાર મગર દેખાવાની ઘટનાઓને પગલે સ્થાનિકો પોતાના પશુઓ અને પરિવારજનોની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે.



ઉલ્લેખનીય છે કે, આ કોતરનું પાણી દેવ ડેમમાં જાય છે. ત્યારે રહેણાંક વિસ્તાર નજીક મગરની હાજરીને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને મગરને સુરક્ષિત રીતે પકડવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠી છે.